# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-03-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## કે.ગૃહમંત્રી-ગુજરાત પ્રવાસે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસ દરમિયાન અમદાવાદમાં સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ તરફથી વર્ષ 2024-25ના પુનઃમુદ્રિત થઈ રહેલા 24 પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું, ગોવર્ધનરામ ત્રિપાઠી, હેમચંદ્રાચાર્ય, નર્મદ, નરસિંહ મહેતા, ઝવેરચંદ મેઘાણી, સુંદરમ જેવા મહાન લોકો એ આપણી ભાષાને મહાન ગુજરાતી ભાષા સુધી પહોંચાડી છે. આ યાત્રા અખંડ રહેશે.

અગાઉ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સ્મારક સિક્કાનું વિમોચન કર્યું હતું.

આ તકે કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉપસ્થિત જૈનાચાર્યો અને ગુરુભગવંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી સમગ્ર આયોજન બદલ બુદ્ધિવાણી ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા.આ અવસરે મુખ્યમંત્રીએ જણાવ્યું કે આઝાદીના અમૃતકાળમાં શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજે ચીંધેલો અને સિંચેલો માર્ગ વિકસિત ભારતની આધારશિલા બનશે.

------------------------------------------------------------------------------------

## રાજ્ય-લોક અદાલત

રાજ્યમાં યોજાયેલી લોક અદાલતોમાં કુલ 4 લાખ 37 હજાર જેટલા પ્રિ-લિટીગેશન કેસોમાં સમાધાન કરાયું. અને 75 કરોડ 39 લાખ રૂપિયાના ચુકાદા અપાયા હતા. રાજ્યની અદાલતોમાં પેન્ડિંગ દાંપત્ય જીવનને લગતી 2 હજાર 761 તકરારોનો પણ લોક અદાલતથી

અંત આવ્યો હતો. આ ઉપરાંત કંસીલીએશનની વ્યવસ્થાના કારણે 10 વર્ષ જૂના 823 કેસોનો નિવેડો આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## ICC ચેમ્પિયન ટ્રોફી

આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટની ફાઇનલ મેચ આજે ભારત અને ન્યૂઝીલૅન્ડ વચ્ચે દુબઈમાં રમાઈ રહી છે. જેમાં ન્યુઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા 50 ઓવરના અંતે 7 વિકેટના ભોગે 251 બનાવ્યા છે. ન્યૂઝિલેન્ડ તરફથી ડેરેલમિચેલે સૌથી વધુ 63 જ્યારે મિચેલબ્રેસવેલે 53 રન કર્યા હતા. જ્યારે ભારત તરફથી વરૂણ ચક્રવર્તી અને કુલદીપ યાદવે 2-2 વિકેટ, જ્યારે મોહમ્મદ સમી અને રવિન્દ્ર જાડેજાએ 1-1 વિકેટ ઝડપી હતી.

---------------------------------------------------------------------------------------

## અંજાર-ભુજ ધોરીમાર્ગ ખાતમુહૂર્ત

અંજાર-ભુજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને અંજાર-મુંદરાના ધોરીમાર્ગને જોડતો 5.13 કિલોમીટર બાયપાસ રસ્તો 111 કરોડ 75 લાખમાં નિર્માણ પામશે. આ પ્રકલ્પનું સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય ત્રિકમ છાંગા, કચ્છ ભાજપ પ્રમુખ અને જિલ્લા પંચાયતના પ્રમુખની અતિથિ વિશેષ પદે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ અંજારનાં વિકાસકામોમાં કયાંય કચાશ નહીં રખાય તેવી લાગણી વ્યકત કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## CNG ગેસ પુરવઠો

ભુજમાં ઓનલાઇન CNG સ્ટેશનમાં 24 કલાક સુધી ગેસ પુરવઠો બંધ રહેશે.ગુજરાત ગેસ લીમીટેડની મેઇન વિતરણની સ્ટીલ ગેસ પાઇપ લાઇનનું નેશનલ હાઇવે નાગોર રેલ્વે ક્રોસીંગ મધ્યેથી સ્થાળાંતર કરવાનું હોવાથી 11 માર્ચના રાત્રે 10 કલાકથી 12 માર્ચના રાત્રે 10 કલાક સુધી ભુજ શહેરના સ્ટેશન રોડ, મીરઝાપર રોડ, સંજોગનગર ચાર રસ્તા, માનકુવા ગામ, નળ

વાળા સર્કલ પાસે આવેલા ઓનલાઇન CNG સ્ટેશનમાં ગેસ મળી શકશે નહીં.આ દરમ્યાન ઘરેલુ PNG ગેસનો પુરવઠો ચાલુ રહેશે તેમ ગુજરાત ગેસની યાદીમાં જણાવાયું હતું.

---------------------------------------------------------------------------------------

## એજ્યુકેશન ફેસ્ટિવલ

તાજેતરમાં ભાવનગરના દક્ષિણામૂર્તિ આંબલા ખાતે યોજાયેલા ઝોન કક્ષાના એજ્યૂકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લેનારા કચ્છના શિક્ષકની રાજ્યકક્ષાના કાર્યક્રમ માટે પસંદગી કરાઇ છે. ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં પ્રથમ ક્રમે વિજેતા કુકમા ક્લસ્ટરની કુકમા ગ્રુપ પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષિકા રેશ્માબેન કરસનભાઇ હિરાણીની આગામી રાજ્યકક્ષાના ફેસ્ટિવલ માટે પસંદગી કરવામાં આવી હતી. ઝોન કક્ષાએ 6 જિલ્લાના 30 શિક્ષકોએ ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------------

## ઘડુલી-SBI-રાત્રિ સભા

લખપત તાલુકાના ઘડુલી ખાતે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની દયાપર શાખા દ્વારા રાત્રી સભા યોજાઈ હતી જેમાં ઉપસ્થિત ખેડૂતોને સરકારની નાબાર્ડ દ્વારા આપવામાં આવતી વિવિધ પ્રકારની લોનો તેમજ બેંકેબલ યોજના અંગેની જાણકારી આપવાની સાથે તેનો લાભ લેવા માટે જણાવવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ઘડાણી-નખત્રાણા માર્ગ નવીનીકરણ

ઘડાણીમાં નખત્રાણા તાલુકાને લખપત તાલુકાથી જોડતા રોડના નવીનીકરણના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. નખત્રાણા તાલુકાના રવાપરથી ઘડાણી, હરીપર, વાલકા, પાનેલી થઇ લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર સુધીના માર્ગનું 1639 લાખના ખર્ચે નવીનીકરણ કરાશે.

---------------------------------------------------------------------------------------

# જી.કે.આધુનિક પ્રસૂતિકક્ષ

અદાણી સંચાલિત GAIMS જી.કે. જનરલ હોસ્પિટલના સ્ત્રીરોગ વિભાગમાં આધુનિક પ્રસૂતીકક્ષ શરૂ કરવામાં આવ્યો છે. અહીં નોર્મલ પ્રસુતિ સરળતાથી થાય અને કોઈ મુશ્કેલી ન સર્જાય તે માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. આ લેબરવોર્ડ 8મી માર્ચ, મહિલા દિવસ નિમિત્તે ખુલ્લો મૂકાયો હતો.

-------------------------------------------------------------------------------------